મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પૂર્વ સચિવશ્રી ડૉ. કિરીટ શેલત અને ફ્લોરીડા એગ્રી. યુનિવર્સિટીના ડૉ. ઓડમેરિ લિખીત-સંપાદિત પુસ્તક અમૃતકાળમાં ખેતી: હવામાન બદલાવમાં કુશળ ખેતીનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.

નેશનલ કાઉન્સીલ ફોર ક્લાયમેટ ચેન્જ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશીપ દ્વારા આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દવાથી માંડીને ડિફેન્સ ક્ષેત્રે દેશને આત્મનિર્ભરતાના માર્ગે વાળ્યો છે.

એટલું જ નહિ, રાસાયણીક ખાતરમુકત પ્રાકૃતિક ખેતી, ગ્રીન-ક્લિન એનર્જી, જમીન બચાવવાના ઉપાયો તથા ગાય આધારિત કૃષિ પદ્ધતિના નવતર અભિગમ પણ તેમણે દેશની આત્મનિર્ભરતા માટે અને નાનામાં નાના માનવીના હિતની, પ્રજાની પ્રાયોરિટીની ચિંતા કરીને આપ્યા છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીએ દેશના ભવિષ્યનો વિચાર કરીને આગળનો રોડમેપ તૈયાર કરવા આત્મનિર્ભરતાનો કોલ આપ્યો છે. પ્રાકૃતિક ખેતી અને બેક ટુ બેઝિકનો કોન્સેપ્ટ આમાં ઉપયોગી બનશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ અમૃતકાળમાં ખેતી: હવામાન બદલાવમાં કુશળ ખેતી પુસ્તકનો રાજ્યના કૃષિક્ષેત્ર માટે યોગ્ય ઉપયોગ કરવાની તત્પરતા વ્યક્ત કરી હતી.

કૃષિમંત્રી રાઘવજી પટેલે હવામાન બદલાવ સામે ખેતી ટકાવી રાખવાનું ગહન માર્ગદર્શન આ પુસ્તિકા આપશે તેમ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું.

રાજ્યમાં કૃષિ વિભાગને નિતી નિર્ધારણમાં આ પુસ્તક ઉપયોગી બનશે અને સરવાળે રાજ્યની ખેતી સુદ્રઢ થશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

પુસ્તકના લેખક ડૉ. કિરીટ શેલતે કૃષિક્ષેત્રને આત્મનિર્ભર બનાવવાના પ્રેરક સૂચનો-સૂઝાવો રજૂ કર્યા હતા.

સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપરાંત રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ તથા કૃષિતજ્જ્ઞો આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા સામેની આ ટેસ્ટમાં ટીમને સફળતા મળે તેવી આશા વ્યક્ત કરી

નવીદિલ્હી, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ ક્રિકેટ મેચ માટે ભારતીય ટીમ તેની તૈયારીને આખરી ઓપ આપી રહી છે ત્યારે ટીમના કેપ્ટન રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા સામેની આ ટેસ્ટમાં ટીમને સફળતા મળે તેવી આશા વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું હતું ક ઈંગ્લેન્ડમાં હવામાનની સ્થિતિ પડકારજનક હોય છે અને તેમાં પૂરતી તૈયારી કરનારી ટીમને સફળતા હાંસલ થતી હોય છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બુધવારથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમાશે. આ અગાઉ આઈસીસીના એક કાર્યક્રમમાં બોલતા ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માએ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં બેટિંગ કરવામાં કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે અંગે ચર્ચા કરી હતી. રોહિત શર્માએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓ બેટર્સ માટે પડકારજનક હોય છે. જો તમે પૂરતી તૈયારીઓ કરી હશે તો તમને સફળતા મળી શકે છે. પોતાના વ્યક્તિગત અને ઈંગ્લેન્ડમાં ભૂતકાળના અનુભવના આધારે રોહિત શર્માએ સ્વિકાર્યું હતું કે ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓ ઘણી જ પડકારજનક છે. તમને સતત પડકારો મળતા રહે છે. તમારે સતત ધ્યાન કેન્દ્રીત કરી રાખવાની જરૂર હોય છે. કોઈ બોલર્સને ટાર્ગેટ બનાવતા પહેલાં તમારે ઘણા લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રીત કરી રાખવું પડે છે. સૌથી વધારે અગત્યનું એ છે કે તમારે મેદાનમાં મક્કમ મનોબળ સાથે ઉતરવાની જરૂર હોય છે અને તમારી તાકાત શું છે તેને સારી રીતે સમજવી પડે છે. આમ થાય તો જ તમે ધાર્યું કરી શકો છો અને સફળ રહી શકો છો તેમ રોહિતે ઉમેર્યું હતું. ભારતીય ટીમના મોટા ભાગના ખેલાડીઓ હાલમાં જ સમાપ્ત થયેલી આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમ્યા હતા. તેથી હવે તેમને ટી૨૦માંથી ટેસ્ટના ફોર્મેટમાં અનુકૂળ થવાનું છે. રોહિત શર્મા બે ફોર્મેટ વચ્ચેના ટ્રાન્ઝિસનમાંથી પસાર થવાનો અનુભવ ધરાવે છે. આ માટે તેણે એડેપ્ટેબિલિટી, માનસિક તાકાત અને સેલ્ફ-રિફ્લેક્શન પર ભાર મૂક્યો હતો. તેણે જણાવ્યું હતું કે એક ફોર્મેટમાંથી બીજા ફોર્મેટમાં રમવું પડકારજનક બાબત છે. તમે સારી રીતે જાણો છો કે તમે અલગ-અલગ ફોર્મેટમાં રમી રહ્યા છો. માનસિક રીતે તમારે ઝડપથી અનુકૂળ થવાનું હોય છે અને તમારી ટેકનિકમાં ફેરફાર કરવાનો હોય છે. તમારે તમારી જાત સાથે વાતચીત કરવી પડે છે અને માનસિક રીતે તૈયાર રહેવાનું જરૂર હોય છે. રોહિત શર્મા ટેસ્ટને ક્રિકેટને સર્વોચ્ચ ફોર્મેટ ગણે છે. તેણે આ અંગે કહ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટ તમને સતત પડકારો આપતું રહે છે. તમારે કોઈ પણ પડકાર માટે સજ્જ રહેવું પડે છે. ટેસ્ટ ક્રિકટેમાં તમારી માનસિક ક્ષમતાની પણ કસોટી કરે છે. જોકે, ટેસ્ટ ક્રિકેટ જ તમારી અંદરનું શ્રેષ્ઠ પ્રદર્શન બહાર લાવે છે. ટેસ્ટ ક્રિકેટમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં અમને ઘણી સફળતા મળી છે. હવે ફક્ત એક જ પડકાર પાર કરવાનો છે. અમારે યુવાન ખેલાડીઓને તે વિશ્વાસ અપાવવાનો છે કે તમે સારું પ્રદર્શન કરી શકો છો. ટેસ્ટ ક્રિકેટમાં દરેક સત્રમાં પરિસ્થિતિ બદલાતી રહેતી હોય છે. ક્યારેક એકાદ સ્પેલ પણ મેચનું પાસું પલટી શકે છે તો ટીમનો ધબડકો થયા બાદ એકાદ બેટ્સમેન સેટ થઈને ટીમને ફરીથી મેચમાં લાવી શકે છે જ્યારે ટી૨૦માં આ શક્ય હોતું નથી.

# ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ લોકસભા ચૂંટણી માટે નવા પ્રભારીને પાર્ટીની કમાન સોંપશે

દિલ્હી, ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીની તૈયારી કરી રહેલી કોંગ્રેસમાં પરિવર્તનના સંકેત દેખાઈ રહ્યા છે. સૂત્રોનું માનીએ તો આગામી ચૂંટણીની તૈયારીઓને ધ્યાનમાં રાખી યુપી કોંગ્રેસને ટૂંક સમયમાં રાજ્યમાં નવા પ્રભારી મળી શકે છે. એવો દાવો કરવામાં આવે છે કે પ્રિયંકા ગાંધી ઘણા રાજ્યોમાં ચૂંટણીમાં વ્યસ્ત હોવાને કારણે તેમના પ્રભારી પદનો ત્યાગ કરી શકે છે. જોકે, નવા નામોને લઈને પક્ષમાં હજુ પણ મંથન ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર યુપી કોંગ્રેસના પ્રભારીની રેસમાં ઘણા નામ છે, હરીશ રાવત અને તારિક અનવરનું નામ આ રેસમાં સૌથી આગળ જણાવવામાં આવી રહ્યું છે. તેમને રાજ્યમાં કોંગ્રેસની કમાન સોંપવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ લોકસભા ચૂંટણી માટે નવા પ્રભારીને પાર્ટીની કમાન સોંપવા પર વિચાર કરી રહી છે.સૂત્રોનું માનીએ તો રાજ્યમાં નવા પ્રભારીના નામને લઈને પાર્ટીમાં મંથન તેજ થયું છે. જોકે, અત્યારે પાર્ટી ઉતાવળમાં કોઈ નિર્ણય લેવા માંગતી નથી. પરંતુ જાણકારોનું માનીએ તો રાહુલ ગાંધી વિદેશથી પરત ફર્યા બાદ નવા પ્રભારીના નામ પર નિર્ણય લેવામાં આવી શકે છે. યુપીમાં કોંગ્રેસની નવી કારોબારી સમિતિની પણ જાહેરાત થવાની છે, જેને લઈને અનેક નામોની ચર્ચા થઈ રહી છે. માનવામાં આવી રહ્યું છે કે પ્રદેશ કારોબારીમાં પ્રદેશ પ્રમુખોને સ્થાન આપવામાં આવી શકે છે.રાજકીય નિષ્ણાતોના મતે કર્ણાટક ચૂંટણી બાદ પાર્ટીમાં સંગઠન સ્તર પર કેટલાક નેતાઓની જવાબદારી વધી શકે છે. ખાસ કરીને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે પાર્ટીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને આ ફેરફાર ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. સૂત્રોનું માનીએ તો કર્ણાટકમાં જીત બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધીની ભૂમિકા બદલાઈ જશે.આ વર્ષના અંત સુધીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસની સરકાર છે જ્યારે મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર છે. જો કે કર્ણાટકમાં જીત બાદ કોંગ્રેસે હવે આ રાજ્યોમાં તૈયારીઓ તેજ કરી દીધી છે.

# મુસ્લિમ બહુમતી દેશમાં પહેલી વખત હિન્દુ ક્રિકેટર બન્યો ટેસ્ટ ટીમનો કેપ્ટન

નવીદિલ્હી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ વખત કોઈ હિંદુ ખેલાડીને બાંગ્લાદેશ ટીમની કેપ્ટનશીપ કરવાની તક મળશે. આ ટેસ્ટ ૧૪ જૂનથી મીરપુરમાં રમાશે. શાકિબ-અલ હસન આયર્લેન્ડ સામેની વનડે શ્રેણીમાં ઈજાને કારણે ટીમની બહાર હોવાથી વિકેટ કીપર બેટ્સમેન લિટન દાસને નેતૃત્વ સોંપવામાં આવ્યું છે. બાંગ્લાદેશનો નવો કેપ્ટન કેપ્ટન લિટન દાસ, જે વનડે અને ટી-૨૦માં શાનદાર રમત બતાવી ચૂક્યો છે,તેની ગણના ત્રણેય ફોર્મેટમાં બાંગ્લાદેશના શ્રેષ્ઠ બેટ્સમેનોમાં થાય છે. આ પહેલીવાર છે જ્યારે લિટન ટેસ્ટમાં બાંગ્લાદેશ ટીમની આગેવાની કરશે, આ પહેલા તે વનડે અને ટી૨૦માં બાંગ્લાદેશી ટીમની કપ્તાની સંભાળી ચૂક્યો છે. ટેસ્ટ ટીમમાં તસ્કીન અહેમદ ઈજામાંથી સાજા થઈને ટીમમાં પરત ફર્યો છે, જ્યારે શહાદત હુસૈન અને મુશ્ફિક હસનને નવા ચહેરા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.શહાદત રાઈટ હેન્ડ બેટ્સમેન છે અને તેણે ૨૦ ફર્સ્ટ ક્લાસ મેચમાં બે સદીની મદદથી ૧૨૬૫ રન બનાવ્યા છે. બીજી તરફ ૨૦ વર્ષીય મુશ્ફિક ફાસ્ટ બોલર છે.તે બંનેને તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે બિનસત્તાવાર ટેસ્ટ શ્રેણી રમી રહેલી બાંગ્લાદેશ-છ ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. ૧૬ ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ દિનાજપુરમાં જન્મેલા લિટન બંગાળી હિન્દુ કાયસ્થ પરિવાર સાથે સંબંધ ધરાવે છે.તેમના પિતાનું નામ બચ્ચુ ચંદ્ર દ્રાસ અને માતાનું નામ અનિતા દાસ છે. લિટને બાંગ્લાદેશ ટીમ માટે અત્યાર સુધીમાં ૩૮ ટેસ્ટ, ૬૯ વનડે અને ૭૧ ટી-૨૦ મેચ રમી છે. તેણે ટેસ્ટ ક્રિકેટમાં ત્રણ સદી અને ૧૫ અડધી સદી સાથે ૨૩૧૯ રન (સરેરાશ ૩૫.૬૭) બનાવ્યા છે.

# બાંગ્લાદેશના કેટલાક પરિવાર કોરોમંડલ એક્સપ્રેસમાં હતા

કોલકાતા, બાલાસોરમાં કોરોમંડલ ટ્રેન દુર્ઘટનાથી માત્ર પશ્ચિમ બંગાળના રહેવાસીઓ જ નહીં, પરંતુ બાંગ્લાદેશના નાગરિકો પણ ચિંતિત છે. કોલકાતામાં બાંગ્લાદેશ હાઈ કમિશન ઓફિસને બાંગ્લાદેશથી સતત ફોન આવી રહ્યા છે અને તેમના સંબંધીઓની તપાસ કરી રહ્યા છે. દર વર્ષે બાંગ્લાદેશમાંથી ઘણા લોકો સારવાર માટે વેલ્લોર જાય છે. બાંગ્લાદેશ હાઈ કમિશનના સૂત્રોના જણાવ્યા અનુસાર બાંગ્લાદેશના કેટલાક પરિવારોએ શુક્રવાર રાતથી સંપર્ક કર્યો છે. તે બંને કોરોમંડલ એક્સપ્રેસમાં હતા. તે ચેન્નાઈ જઈ રહ્યો હતો. તેમના સંબંધીઓ ઓડિશાની હોસ્પિટલમાં દાખલ છે. તેઓ ઘાયલ થયા છે. અન્ય કોઈના ફોન પર વાત કરીને પરિવારને આટલું કહી શક્યા છે. બાંગ્લાદેશ હાઈ કમિશનનું કહેવું છે કે તેઓએ ભારત સરકાર પાસેથી યાદી માંગી છે. જ્યાં સુધી તેઓને તે યાદી ન મળે ત્યાં સુધી તેઓ સત્તાવાર રીતે કંઈ કહી શકે નહીં.રૂમા અક્ષર પોતાના પુત્રની સારવાર માટે બાંગ્લાદેશના રાજશાહીથી બેંગ્લોર ગઈ હતી. પુત્ર સોહન રહેમાન કેન્સરથી પીડિત છે. તે સારવાર માટે ભારત આવ્યો છે. જો કે આવો અનુભવ આવશે તેની તેણે કલ્પના પણ કરી ન હતી.તે અને તેનો પુત્ર સારવાર બાદ યશવંતપુર એક્સપ્રેસમાંથી પરત ફરી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી. બાંગ્લાદેશી નાગરિકોની ચોક્કસ સંખ્યા, તેમાંથી કોઈને ઈજા થઈ છે કે નહીં, હજુ સુધી સ્પષ્ટપણે જાણી શકાયું નથી.કોરોમંડલ ટ્રેન દુર્ઘટનામાં પશ્ચિમ બંગાળના લોકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને લગભગ તમામ જિલ્લાઓમાં કંટ્રોલ રૂમ ખોલવામાં આવ્યા છે અને દરેક કંટ્રોલ રૂમમાં સંબંધીઓના ફોન આવી રહ્યા છે. અને કેટલાકને તેમના સંબંધીઓના સમાચાર મળ્યા છે તો કેટલાક હજુ પણ રાહ જોઈ રહ્યા છીએ.


## પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

**વિવિધ ઈલેક્ટ્રિકલ કાર્યો**

**નોટીસ આમંત્રણ સૂચના : EL/50/1/07(23-24) તારીખ: 05/06/2023**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન દ્વારા અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો તરફ થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | ટેન્ડર નં. અને કામનું નામ | અંદાજીત ખર્ચ (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|
| 01 | **BRC-EL-P-08-2210-23-24** વડોદરા ડિવિઝન : વડોદરાના સેટેલાઈટ સ્ટેશન તરીકે પ્રતાપનગર સ્ટેશનનો વિકાસના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કાર્ય. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ:** 30-06-2023. | 1,87,60,661.00 | 2,43,800.00 |
| 02 | **BRC-EL-P-09-2202-2203-23-24** પ્રતાપનગર (વર્કશોપ) - PRTN વર્કશોપ ખાતે PRTN વર્કશોપમાં વર્કશોપ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વૃદ્ધિના સંબંધમાં પ્રિકાસ્ટ/RCC કેબલ ટ્રેન્ચ, ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈલેક્ટ્રિકલ કાર્યોની સુધારણાના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કાર્ય. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ:** 03-07-2023. | 1,34,49,943.82 | 2,17,300.00 |
| 03 | **BRC-EL-P-20-2090-21-22-R** N.A.I.R. પ્રતાપનગર :- N.A.I.R. ખાતે અતિથિ બિલ્ડીંગ અને સુપરવાઈઝરની બિલ્ડીંગ પર સોલાર પાવર ઈન્સ્ટોલેશનની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કાર્ય. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ:** 05-07-2023. | 17,42,840.00 | 34,900.00 |

ટેન્ડર ફી (₹) : નિ:શુલ્ક, **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in BRC-077

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રિલાયન્સ ફાઉન્ડેશને હરિયાળી આવતીકાલ માટે 'પ્લાન્ટ૪લાઈફ' અભિયાન શરૂ કર્યું




અમદાવાદ, રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ગ્રીન કવર વધારવા અને પૃથ્વીની સંભાળ રાખવા માટે એક સમુદાય-સંચાલિત પર્યાવરણ અભિયાન 'પ્લાન્ટ૪લાઈફ' ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શરૂ કરવામાં આવ્યું હતું. આગામી કેટલાક મહિનાઓમાં 'પ્લાન્ટ૪લાઈફ' દ્વારા ઓછામાં ઓછા ૫૦,૦૦૦ સ્વયંસેવકોના સહયોગથી દેશભરમાં ૫૦૦,૦૦૦ રોપાઓ વાવવાની તૈયારી કરવામાં આવી છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણ અને સમુદાયની સહભાગિતાથી એક ઝુંબેશ તૈયાર કરવાનો છે. રિલાયન્સના સ્વયંસેવકોના સમુદાય દ્વારા 'વી કેર'ની ભાવનાને આત્મસાત કરવાથી અભિયાનને મજબૂત વેગ મળશે. "વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે અમે આ પ્રસંગને એક વિશેષ અભિયાન સાથે ચિહ્નિત કરવા માગીએ છીએ, ભવિષ્યની પેઢીઓ માટે આપણી પૃથ્વીનું રક્ષણ કરવા અને જાળવણી કરવા માટેની વ્યક્તિગત અને સામુદાયિક ઝુંબેશને વેગ આપવા માટે દેશભરના હજારો રિલાયન્સ સ્વયંસેવકોને એકસાથે લાવીશું," તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સીઈઓ શ્રી જગન્નાથ કુમારે જણાવ્યું હતું.સોમવારે અભિયાનની શરૂઆત ૨૫ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં એક લાખથી વધુ રોપાઓ વાવવા સાથે થઈ હતી. પ્લાન્ટ૪લાઈફ અભિયાન હેઠળ રિલાયન્સના કર્મચારીઓ તેમના પોતાના છોડની સંભાળ રાખશે. આ ઝુંબેશ આગામી કેટલાક મહિનાઓ સુધી ચાલુ રહેશે, તેમાં સ્વયંસેવકો અને તેમના પરિવારો દ્વારા સીડબોલ્સ બનાવવાનો સમાવેશ થાય છે. કાદવ અને ખાતરથી બનેલા સીડબોલ્સ અંકુરિત થાય છે અને વરસાદ દરમિયાન વિખેરાઈ જાય ત્યારે છોડ વધવાનો માર્ગ આપે છે.

# સ્ટીવન કેપલ જુનિયર યાદ કરે છે કે ટ્રાન્સફોર્મર્સ ફ્રેન્ચાઈઝીએ તેમના જીવન પર કેવી અસર કરી



અમદાવાદ, અત્યંત સફળ ટ્રાન્સફોર્મર્સ ફ્રેન્ચાઈઝીનો ઉદ્દેશ તેની આગામી રિલીઝ, "ટ્રાન્સફોર્મર્સ: રાઈઝ ઓફ ધ બીસ્ટ્સ" સાથે તેના વર્તમાન વારસાને આગળ વધારવાનો છે. જ્યારે ડિરેક્ટર સ્ટીવન કેપલ જુનિયર પાસે ભવિષ્ય માટે પહેલેથી જ ભવ્ય યોજનાઓ છે, ત્યારે તેણે ખુલાસો કર્યો કે ફ્રેન્ચાઈઝીએ તેમને કેવી રીતે પ્રભાવિત કર્યા છે. કેપલ યાદ કરે છે કે તે બાળપણમાં મૂળ "બીસ્ટ વોર્સ: ટ્રાન્સફોર્મર્સ" એનિમેટેડ સિરીઝને કેટલો પ્રેમ કરતો હતો. જ્યારે તે ૮ વર્ષનો હતો ત્યારે આ શોનું પ્રીમિયર થયું હતું, અને દરેક એપિસોડ જોયા પછી, તે અને તેના મિત્રો શાળા પછી મળતા હતા અને તે સમયે અન્ય કાર્ટૂન કરતાં તે કેટલું અલગ હતું તેની આસપાસ તેમના માથાને લપેટવાનો પ્રયાસ કરતા હતા. સ્ટીવન કેપલે જણાવ્યું હતું કે, "મને યાદ છે કે તે કેટલું વિચિત્ર હતું, કારણ કે તેઓ એનિમેશન સાથે કંઈક નવું કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, અને ઓપ્ટીમસ પ્રાઈમ તેમાં નહોતું. પણ જેમ જેમ આગળ વધતું ગયું તેમ તેમ વાર્તા ખરેખર સારી બની. તે ખૂબ જ વિચારપૂર્વક બનાવવામાં આવ્યું હતું, અને તેમાં ઘણા વળાંક અને વળાંક હતા, તેથી જ મેં ત્રણેય સિઝન જોયા." (૧૯-૮)


## એક્સિસ બેંક લિમીટેડ

(CIN : L65110GJ1993PLC020769)

સ્ટ્રેસ્ડ એસેટસ ગ્રુપ, કોર્પોરેટ ઓફિસ : એક્સિસ હાઉસ, સી-૨, સાતમો માળ, વાડિયા ઈન્ટરનેશનલ સેન્ટર, પાંડુરંગ બુધાકર માર્ગ, વર્લી, મુંબઈ -૪૦૦૦૨૫.

ટેલિ.નં:+૨૨ ૨૪૨૫૩૭૩૪ www.axisbank.com

### સ્થાયી અને અસ્થાયી મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

**સિક્યુરાઈટાઈઝેશન રિકન્સટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬)સાથે વાંચતા તે હેઠળની જોગવાઈ મુજબ સ્થાયી અને અસ્થાયી મિલકતોના વેચાણ માટે ઈ-નિલામી નોટીસ**

આથી નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે જણાવેલી સ્થાયી મિલકતો કે જેનો કબ્જો સુરક્ષિત લેણદાર પાસે ગીરવે મુકેલ છે, તેનો કબ્જો અહીં નીચે એક્સિસ બેંક લિ.(સુરક્ષિત લેણદાર)ના સહી કરનારે મેળવી લિધો છે. આ મિલકતો જે છે, જ્યાં છે, જેવી છે, ત્યાં જે કાંઈ પણ છે તેના આધારે **તા.૨૮મી જુન, ૨૦૨૩ના રોજ ૨૨-૮-૨૦૧૮ના રોજ ડ્યુ થયેલ રકમ રૂા.૧૫,૪૫,૯૧,૫૫૦/-(રૂપિયા પંદર કરોડ, પિસ્તાલિસ લાખ, એકાણું હજાર, પાંચસોને પચાસ પુરા)**કરાર મુજબના દરે આગળના વ્યાજ, ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ સાથેની રકમ વસુલ કરવા માટે વેચાણ કરવામાં આવશે. એક્સિસ બેંક લિ.(સુરક્ષિત લેણદાર)એ શ્રી ભવાની ક્લિનીંગ (દેવાદાર),અને તેમના કાયદેસરના વારસદાર સ્વ. જયસુખલાલ ચંદરાના, શ્રી રવિ ચંદરાના, શ્રી નયનકુમાર ડી. રાયઠાઠા, શ્રીમતી મેઘાબેન રવિભાઈ ચંદરાના, શ્રીમતી ઈલાબેન જયસુખભાઈ ચંદરાના(જામીનદારો)પાસેથી લેણાં રકમ વસુલ કરવાની છે. સ્થાયી મિલકતો માટે અનામત કિંમત અને બાનાની થાપણ કિંમત નીચે મુજબ છે.

**સ્થાયી મિલકતોનું વિવરણ**

| | મિલકતનું વિવરણ | અનામત કિંમત | બાનાની થાપણ કિંમત (ઈએમડી)-૧૦% અનામત કિંમતના |
|---|---|---|---|
| લોટ-૧ | રહેણાંક ફ્લેટ નં.૧૦૦૨, ડેક વ્યુ ટાવર, આર.એસ.નં.૫૪ પૈકી ૧ અને ૨, પ્લોટ નં.૧૦૨ પૈકી, ગામ- મોટાવાડા, તહસિલ લોઢિકા, જી.રાજકોટ | રૂા. ૧૮,૨૨,૫૦૦/- (રૂપિયા અઢાર લાખ, બાવીસ હજાર, પાંચસો પુરા) | રૂા.૧,૮૨,૨૫૦/-(રૂપિયા એક લાખ, બ્યાંસી હજાર, બસ્સોને પચાસ પુરા) |
| લોટ-૨ | રહેણાંક ફ્લેટ નં.૩૦૧, ડેક વ્યુ ટાવર, આર.એસ.નં.૫૪ પૈકી ૧ અને ૨, પ્લોટ નં.૧૦૨ પૈકી, ગામ- મોટાવાડા, તહસિલ લોઢિકા, જી.રાજકોટ | રૂા. ૧૮,૭૯,૨૦૦/- (રૂપિયા અઢાર લાખ, ઓગણ્યા-એંસી હજાર, બસ્સો પુરા) | રૂા.૧,૮૭,૯૨૦/- (રૂપિયા એક લાખ, સિતયાસી હજાર, નવસોને વીસ પુરા) |
| લોટ-૩ | રહેણાંક ફ્લેટ નં.૩૦૨, ડેક વ્યુ ટાવર, આર.એસ.નં.૫૪ પૈકી ૧ અને ૨, પ્લોટ નં.૧૦૨ પૈકી, ગામ- મોટાવાડા, તહસિલ લોઢિકા, જી.રાજકોટ | રૂા. ૧૮,૭૧,૦૦૦/- (રૂપિયા અઢાર લાખ ઈકોતેર હજાર પુરા) | રૂા.૧,૮૭,૧૦૦/-(રૂપિયા એક લાખ, સિતયાસી હજાર, એકસો પુરા) |
| લોટ-૪ | રહેણાંક ફ્લેટ નં.૩૦૩, ડેક વ્યુ ટાવર, આર.એસ.નં.૫૪ પૈકી ૧ અને ૨, પ્લોટ નં.૧૦૨ પૈકી, ગામ- મોટાવાડા, તહસિલ લોઢિકા, જી.રાજકોટ | રૂા. ૧૮,૭૧,૦૦૦/- (રૂપિયા અઢાર લાખ ઈકોતેર હજાર પુરા) | રૂા.૧,૮૭,૧૦૦/-(રૂપિયા એક લાખ, સિતયાસી હજાર, એકસો પુરા) |
| લોટ-૫ | ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને બિલ્ડિંગ કુવાડા ખાતે સ્થિત, જીઆઈડીસી પ્લોટ નં.૨૭૮,૨૭૯ અને ૨૮૦, રાજકોટ અમદાવાદ હાઈવે, રામેશ્વર ચોક, કુવોડા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, આમ્રપાલી પાસે, ગામ-કુવાડા, જી.રાજકોટ-અનામત કિંમત રૂા.૩,૯૩,૮૮,૫૦૦/- આ પણ પ્લાન્ટ અને મશિનરી ઉપરોક્ત મુજબ ફેક્ટરીમાં આવેલ (પ્લાન્ટ અને મશિનરી અનામત કિંમત રૂા. ૪,૬૪,૪૦૦/-) | લોટ-૫ હેઠળની મિલકતોની અનામત કિંમત રૂા. ૩,૯૮,૫૨,૯૦૦/- (રૂપિયા ત્રણ કરોડ, અઠાણું લાખ, બાવન હજાર, નવસો પુરા) | રૂા.૩૯,૮૫,૨૯૦/-(રૂપિયા ઓગણ ચાલીસ લાખ, પંચયાસી હજાર, બસ્સો નેવું પુરા) |
| લોટ-૬ | રહેણાંક ખુલો પ્લોટ આર.એસ.નં.૬૩ ખાતે સ્થિત, પૈકી ૨(મોટા વડા)વૃંદાવન પાર્ક-૧, પ્લોટ નં.૯, ઓફ કાલાવાડ રોડ, ગામ-મોટા વડા, તા.લોઢિકા, જી.રાજકોટ. | રૂા. ૩૬,૩૭,૮૦૦/- (રૂપિયા છત્રીસ લાખ, સાડત્રીસ હજાર, આઠસો પુરા) | રૂા.૩,૬૩,૭૮૦/-(રૂપિયા ત્રણ લાખ, ત્રેસઠ હજાર, સાતસો એંસી પુરા) |

| | |
|---|---|
| ઈએમડીની રકમ તથા બીડ સબમીટ કરવાની આખરી તારીખ | ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડર એક્સિસ બેંક લિ.ની તરફેણમાં પેયેબલ મુંબઈ ખાતેનો બનાવીને **તા.૨૭મી જુન,૨૦૨૩** પહેલાં **સાંજે ૫-૦૦ કલાક** સુધીમાં નીચે જણાવેલા કોઈ પણ એક સ્થળે જમા કરાવવાનો રહેશે. મુંબઈ - શ્રી અતુલ મિશ્રા, એક્સિસ બેંક લિ., સાતમો માળ, એક્સિસ હાઉસ, વાડિયા ઈન્ટરનેશનલ સેન્ટર,પાંડુરંગ બુધાકર માર્ગ, વર્લી, મુંબઈ-૪૦૦૦૨૫. મો.: +૯૧ ૯૮૨૧૩૬૭૭૮૦. રાજકોટ - શ્રી પરેશ ગંગલાની, એક્સિસ બેંક લિ., રાજકોટ શાખા, સંપર્ક -૯૭૧૨૯૮૨૨૭૭ |
| ઈ-નિલામીનો સમય અને તારીખ | ૨૮મી જુન, ૨૦૨૩ સવારે ૧૨-૦૦ થી બપોરે ૩-૦૦ કલાકની વચ્ચે, બીડની રજુઆતના પ્રસંગે જે બીડી છેલ્લી ૫ મિનિટ દરમિયાન રજૂ કરવામાં આવશે તેને આપમેળે એક્ષટેન્શન દર ૫ મિનિટ માટે મળશે. |
| બીડમાં વધારો રકમ | રૂા.૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પુરા) |

સુરક્ષિત લેણદારની જાણમાં કોઈ બોજો : નથી

વેચાણને લગતા નિયમો અને શરતો અંગે વિગતવાર વધુ જાણકારી માટે નીચે આપેલી લિન્કની મુલાકાત લેશો. https://www.axisbank.com/auction-notices/and/or https://axisbank.auctiontiger.net (Auction ID's - Six Auction ID- 272038, 272040, 272041, 272043, 272045, 272046)

તારીખ : ૦૭-૦૬-૨૦૨૩
સ્થળ : મુંબઈ

સહીં
અધિકૃત અધિકારી
એક્સિસ બેંક લિમિટેડ



## અશોકા મેટકાસ્ટ લિમીટેડ

**CIN:L70101GJ2009PLC057642**

**રજીસ્ટર્ડ ઓફીસ : ૭મે માળ, અશોકા ચેમ્બર્સ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ ૩૮૦૦૦૬**

**ફોન નં. : ૦૭૯ ૨૬૪૬૩૨૨૬, ઈ-મેલ આઈડી:** info@ashokametcast.in

વેબસાઈટ : www.ashokametcast.in

### વધારાની સામાન્ય સભા તથા ઈ- વોટીંગ માહિતી ની નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની વિશેષ સામાન્ય સભા (EOGM/ EGM) શુક્રવાર, ૩૦મી જૂન, ૨૦૨૩ના રોજ બપોરે ૩:૩૦ વાગ્યે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ ઓફેર્સના પરિપત્ર નં. સામાન્ય પરિપત્ર ક્રમાંક ૧૪/૨૦૨૦ (તારીખ ૮ મી એપ્રિલ, ૨૦૨૦), ૧૭/૨૦૨૦ (તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦), ૨૦/૨૦૨૦ (તારીખ ૫મી મે, ૨૦૨૦), ૦૨/૨૦૨૧ (તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧), ૧૦/૨૦૨૧ (તારીખ ૨૩ જૂન, ૨૦૨૧), પરિપત્ર નં. ૨૦/૨૦૨૧ (તારીખ ૦૮ ડિસેમ્બર, ૨૦૨૧) અને પરિપત્ર નં. ૧૧/૨૦૨૨ (તારીખ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨) અનુક્રમે, કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમ.સી.એ. પરિપત્રો) તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈંડિયા અને (એમસીએ પરિપત્ર) અને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦ અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ ૧૫મી જાન્યુઆરી,૨૦૨૧અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ ૧૩ મે, ૨૦૨૨ અને SEBI/HO/CFD/PoD2/P/CIR/P/2023/4 તારીખ ૫ જાન્યુઆરી, ૨૦૨૩ ને અનુસરતા વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) અથવા બીજા ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (ઓએવીએમ)થી મળશે.

કંપનીની વધારાની સભા અંગેની જાણ કરતી નોટીસ , રિમોટ ઈ- વોટીંગ સહિતની માહિતી ઈ- મેઈલ થી મોકલલવામાં ( જેમના ઈ- મેઈલ સરનામાં કંપની પાસે છે) આવ્યા છે.

**રિમોટ ઈ- વોટીંગ :**

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮, કંપનીઝ ( મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) અમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૫ના નિયમ ૨૦ અને સેબી ( લિસ્ટિંગ ઓબ્લીકેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ , ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૪ અન્વયે કંપની ઈ.ઓ.જી.એમ.ની નોટીસ માં દર્શાવિલા કામકાજ અંગે વધારાની સામાન્ય સભામાં ઈલોક્ટ્રોનિક માધ્યમ થી મત આપી શકે તે માટે સભ્યોને **સી.ડી.એસ.એલ.** ના માધ્યમથી રિમોટ ઈ- વોટીંગ ની સુવિધા પુરી પાડે છે. સભ્યોને મોકલવામાં આવેલી ઈ.ઓ.જી.એમ. ની નોટીસમાં રીમોટ ઈ- વોટીંગ અંગે વિસ્તૃત સૂચના આપવામાં આવી છે. કંપનીઝ એક્ટ ૨૦૧૩ અન્વયે પુરી પાડવામાં આવતી વિગતો તથા નિયમો નીચે મુજબ છેઃ

૧. રીમોટ ઈ- વોટીંગ માટેની કટ ઓફ ડેટ ૨૩ જૂન, ૨૦૨૩ છે.

૨. ઈ- વોટીંગ ની સમયમર્યાદા , ઈ- વોટીંગ ૨૭મી જૂન, ૨૦૨૩ ના સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને ૨૯મી જૂન, ૨૦૨૩ ની સાંજે ૫.૦૦ કલાકે સુધી પુર્ણ થશે.

૩.ઈ.ઓ.જી.એમ ની નોટીસ કંપનીની વેબસાઈટ : (www.ashokametcast.in) તથા સીડીએસએલની વેબસાઈટ (www.evotingindia.com)પર ઉપલબ્ધ છે.

૪. જો કોઈ વ્યક્તિ ઈઓજીએમની નોટીસ મોકલ્યા બાદ શેર હસ્તગત કરે અને કંપની ના સભ્ય બને તથા ૨૩મી જૂન, ૨૦૨૩ની કટ ઓફ ડેટ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે ઈઓજીએમની નોટીસમાં દર્શાવેલી રીમોટ ઈ- વોટીંગની સૂચના તથા પ્રક્રિયા અનુસરીને તેમનો મતઆપી શકે છે.

૫. જે વ્યક્તિનું નામ કટ ઓફ ડેટ સુધીમાં સભ્યોના રજિસ્ટરમાં હોય અથવા ડીપોઝટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનીફિશીયલી ઓનર્સ ના રજિસ્ટરમાં હોય, તે જ ઈઓજીએમમાં મત આપવા તથા રીમોટ ઈ- વોટીંગની સુવિધાનો ઉપયોગ કરવા હકદાર રહેશે,

૬. જે સભ્યો રીમોટ ઈ- વોટીંગ દ્વારા તેમનો મત આપ્યા બાદ પણ સામાન્ય સભામાં ભાગ લઈ શકશે, પરંતુ સભામાં ફરીવાર મત આપી શકશે નહી.

૭. જે સભ્યોએ રીમોટ ઈ- વોટીંગ દ્વારા તેમનો મત ન આપ્યો હોય, તે ઈઓજીએમ માં મત્તાધિકાર નો ઉપયોગ કરી શકશે.

૮. ઈવોટીંગની ની સુવિધા , ઈ.ઓ.જી.એમ.માં હાજર રહેવાની પ્રક્રિયા અને ઈ-મેઈલ સરનામાની નોંધણી ની પ્રક્રિયા ઈ.ઓ.જી.એમની નોટિસ માં આપવામા આવી છે.

૯. ઈ- વોટીંગ ને લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો/બેનીફીશીયલ ઓનર્સ helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ કરી શકે છે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ પર સંપર્ક કરી શકશે.

અશોકા મેટકાસ્ટ લિમીટેડ
બોર્ડ ઑફ ડિરેક્ટર્સના આદેશથી
સહી /-
અશોક સી. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
ડીઆઈએન : ૦૨૪૬૭૮૩૦.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૭.૦૬.૨૦૨૩.


# ફુલેકુંના મુખ્ય કીરદાર અનંગ દેસાઈ એટલે બાબુજી અમદાવાદના મેહમાન બન્યા



અમદાવાદ, ૦૯ જૂન ૨૦૨૩ના રોજ રિલીઝ થનાર ફિલ્મ "ફુલેકું" ઘણા સમય પછી ગુજરાતી અર્બન સિનેમા માં એક નવા કોન્સેપ્ટ સાથેની ફિલ્મ આવી રહી છે જેમાં ઘણા નામાંકીત કલાકારો જેમકે અનંગ દેસાઈ, અમિત દાસ, મંજરી મિશ્રા, બંકિમ બારોટ, ચંદ્રિકા સોની, જીગ્નેશ મોદી, વિજય દેસાઈ, માનીતા મલીક જેવા કલાકારોએ ખરેખર અદભુત પ્રદર્શનથી ફિલ્મને આખરી ઓપ આપ્યો છે. પરંતુ અત્યારે ગુજરાતી અર્બન મુવીના કોન્સેપ્ટમાં એક નવા જ પ્રકારનું આ ફિલ્મ નિર્દેશિત ઈર્શાદ દલાલ જેમણે અન્ય ઘણી ફિલ્મનું નિર્દેશન પણ કર્યું છે. ફિલ્મમાં રમકડાની નાની ફેક્ટરીના માલિક અને ત્રણ પરણેલા અને એક અપરિણીત પુત્રીના સિદ્ધાંતવાદી પિતા જયંતિલાલ મેઘાણી માર્કેટમાં દેવાળું ફૂંકે છે અને ફુલેકું ફેરવનાર તરીકે બદનામ થાય છે. પોતાની પત્ની નર્મદા સાથે ઝેર પીને આપઘાત કરવાનું નક્કી કરે છે .અચાનક, ત્યાં ઘરનો વરસો જૂનો વફાદાર નોકર, મૂંગો પણ સાંભળી શકતો રમણીક આવી પહોચે છે અને એક જ ઝાટકે બંનેના હાથના ગ્લાસ નીચે પાડી દે છે.. ત્યારે જ એમના ઘરમાં ઈક્રમટેક્સની રેડ પડે છે અને પછી સર્જાય છે રહસ્ય અને ઈમોશનલ ડ્રામાના આટાપાટા.. ઈક્રમટેક્સ સિનિયર ઓફિસરનો રોલ પ્લે કરી રહ્યા બંકિમ બારોટ જે એક એવા ઘરે રેડ પડે છે જે ઘરમાં ખાવા-પીવાના પૈસા નથી હોતા, અને એ પછી ઘણી બધી વસ્તુઓનો ખુલાશો થાય છે. આ મૂવીમાં પ્લેબેક સિંગર જાવેદ અલી દ્વારા કંપોઝ કરાયેલ ઈમોશનલ એક જ સોન્ગ છે. (૧૯-૮)

# શેમારૂમી પર માણો પ્રેમ અને આત્મખોજની વાત દર્શાવતી ફિલ્મ "ઓમ મંગલમ સિંગલમ"




શેમારૂમી પર ગુજરાતી દર્શકો મલ્હાર અને આરોહીની આ બ્લોકબસ્ટર ગુજરાતી ફિલ્મને ૮મી જૂનથી માણી શકશે.

અમદાવાદ : ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર મલ્હાર ઠાકર અને આરોહીની ફિલ્મ 'ઓમ મંગલમ સિંગલમ' થિયેટર્સમાં સિલ્વર જ્યુબિલી કરી ચૂકી છે. આ લગલગાટ ૨૫ અઠવાડિયા જ એ વાતનો પુરાવો છે કે, દર્શકોને આ ફિલ્મ કેટલી પસંદ આવી છે. તો આ ફિલ્મને વિવેચકોએ પણ વખાણી છે. આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ હવે શેમારૂમી પોતાના માનવંતા ગુજરાતી દર્શકો માટે લઈને આવ્યું છે, જેમાં દર્શકોને પ્રેમની આંટીઘૂંટી, મિત્રાતા અને આત્મખોજની વાત જોવા મળશે. ટેલેન્ટેડ ડિરેક્ટર સંદીપ પટેલ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ઓમ મંગલમ સિંગલમ'માં સિદ્ધાર્થ અને વાણી નામના બે વ્યક્તિઓની વાત છે, જે બાળપણથી સાથે મોટા થયા છે. સિદ્ધાર્થ અને વાણી સ્કૂલ સમયથી એકબીજાને પ્રેમ કરે છે. પરંતુ જેવું વાણી પોસ્ટ ગ્રેજ્યુએશન કમ્પલિટ કરે છે કે તરત જ બંને પર સમાજ અને પરિવાર તરફથી લગ્નનું દબાણ આવે છે. પરંતુ સિદ્ધાર્થ હજી લગ્ન માટે તૈયાર નથી. તેને લાગે છે કે તેને સિંગલ હોવાનો અનુભવ જ નથી મળ્યો, કારણ કે તે બાળપણથી વાણી સાથે જ રહ્યો છે. (૩-૧)

Owner : Kalyani Publications PVT LTD. Publisher and Printer : Mayur C. Bhatt. Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2. Published From and Place of Publication : 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt